| | તારીખ | માસ | વર્ષ |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૯ | ૦૩ | ૨૦૨૬ |
| નોંધ્યા તારીખ | ૦૯ | ૦૩ | ૨૦૨૬ |
| ફેંસલ તારીખ | ૧૩ | ૦૩ | ૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૦૪ |

**મે. ચોથી એડિશનલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબની અદાલતમાં**

**ગાંધીધામ–કચ્છ.**

**ફોજદારી પરચુરણ અરજી નં.૧૭૪/૨૦૨૬**

**આંક :**

અરજદાર : – **અકરમ મુસ્તફા મહેતર**

ઉ.વ.૨૬, ધંધો: મજુરી,

રહે. બાબરા, મેઈન બજાર,

અનંતા જવેલર્સની સામે,

તા.બાબરા, જી.અમરેલી.

(હાલે જયુડી.કસ્ટડીમાં)

**વિરૂધ્ધ**

સામાવાળા : – **શ્રી ગુજરાત સરકાર.**

**અરજદાર તર્ફે વિ.વ.શ્રી એ.એ.શેખ**

**સામાવાળા– સરકાર તર્ફે વિ.એ.પી.પી.સુશ્રી એચ.પી.ગઢવી**

## બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન મેળવવા બાબત અરજી.

### –: ઠ રા વ :–

(૧) અરજી તથા સાથે રજૂ કરેલ દસ્તાવેજો વંચાણે લીધા. અરજદારના વિ.વ.શ્રી એ.એ.શેખની દલીલો સાંભળી તથા સામાવાળા /સરકારશ્રી તર્ફે વિ.એ.પી.પી.સુશ્રી એચ.પી.ગઢવીની દલીલો સાંભળી તથા ત.ક.અ.શ્રીનું એફડેવીટ તેમજ પોલીસ પેપર્સને લક્ષમાં લીધેલ.

(૨) અરજદાર/આરોપીની અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, અરજદાર/આરોપી ગાંધીધામ ''બી'' ડીવી. પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૯૯ ૩૦૦૭૨૫૦૦૩૪/૨૦૨૫ ના કામે બી.એન.એસ.ની કલમ–૩૧૬ (૨),૩૧૮(૪) તથા આઈ.ટી.એકટની કલમ–૬૬(સી),૬૬(ડી) મુજબના ગુના સબબ જયુડિશિયલ કસ્ટડીમાં હોઈ, બી.એન. એસ.એસ.ની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન મેળવવા માટે હાલની અરજી કરેલ છે.

(૩) અરજદાર/આરોપી તર્ફે વિદવાન વકીલ શ્રી એ.એ.શેખ નાઓએ દલીલ કરતાં જણાવેલ છે કે, અરજદારની તા.૧૩–૨–૨૬ ના રોજ અટક કરી કોર્ટમાં રજુ કરતા તા.૧૭–૨–૨૬ સુધીના રીમાન્ડ આપવામાં આવેલ અને ત્યારથી અરજદાર જયુડી.કસ્ટડીમાં છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, ફરીયાદીના જેટલા રૂપીયા ગયા છે તે બાબતે અરજદાર કંઈ જાણતા નથી. અરજદારે કોઈ ગ્રુપ ઈન્સ્ટાગ્રામ વડે બનાવેલ નથી. અરજદાર પાસેથી કોઈ મુદામાલની કે નાણાંની રીકવરી થયેલ નથી. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, જે.એમ.એફ.સી. ટ્રાયેબલ ગુનો

છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, સદર ગુનાના કામે અન્ય બે આરોપીઓને અનુક્રમે ફો.પ.અ.નં.૧૫૭/૨૬ અને ફો.પ.અ.નં.૧૫૯/૨૬ થી અત્રેની અદાલતે જામીન મુકત કરેલા હોઈ, હાલના અરજદારને પેરીટીનો લાભ મળવાપાત્ર છે. જેથી, સદર તમામ હકીકતો ધ્યાને લઈ અરજદારને યોગ્ય શરતોને આધીન જામીન મુકત કરવા અરજ ગુજારેલ છે.

(૪) સામાવાળા/સરકારશ્રી તર્ફે વિ.એ.પી.પી.સુશ્રી એચ.પી.ગઢવી નાઓએ દલીલ કરતા જણાવેલ છે કે, અગાઉ જામીન મુકત થયેલ આરોપીઓ કરતા હાલના અરજદાર/આરોપીનો રોલ જુદો છે, જેથી પેરીટી મળી શકે નહી. હાલનો આરોપી મુખ્ય આરોપી છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, જે નાણાં મેળવ્યા તે હાલના આરોપીએ મેળવ્યા છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, આરોપી વિરુધ્ધ ગંભીર ગુનો હોય અને દિન–પ્રતિદિન આવા બનાવો વધુ બનતા હોય આરોપીની જામીન અરજી નામંજુર કરવા અરજ ગુજારેલ છે.

(૫) બન્ને પક્ષકારો તર્ફેના વિધ્વાન વકીલશ્રીઓની રજૂઆતો ધ્યાને લીધી, અરજદારની અરજી, અરજી સાથે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા, ફરીયાદીની ફરીયાદ તથા તપાસ કરનાર અમલદારશ્રીનું એફીડેવીટ વંચાણે લીધા. સદર કામના આરોપી સામેનો આક્ષેપીત ગુનો ગાંધીધામ ''બી'' ડીવી. પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૯૯૩૦૦૭૨૫૦૦૩૪/૨૦૨૫ ના કામે બી.એન.એસ.ની કલમ–૩૧૬ (૨),૩૧૮(૪) તથા આઈ.ટી.એકટની કલમ–૬૬(સી),૬૬(ડી) મુજબનો છે. ફરીયાદપક્ષના કેસની હકીકત મુજબ કોઈ અજાણી વોટસએપ નંબર

૮૯૭૪૪૩૩૭૪૦ વાળા ધારક સ્વર્ણા રાજેશ નામની મહીલાએ હેલ્ઝબર્ગ ડાયમંડસ નામની એપ્લીકેશનથી Helzberg Diamonds the most Powerful portfolio in the diamond industry hsd 210 stores in 36 US states. And online jewellery retailers for worldwide કામ કરીએ છીએ તેમ જણાવી ઘર બેઠા પૈસા કમાવવાની લાલચ આપી ડાયમંડ ઝવેલરીની ટેન્ડરમાં સેલીંગ કરવા અને તે એપ્લીકેશનમાં પૈસા પ્રોફીડ અપાવવાની લાલચ આપી વર્કીંગ એકાઉન્ટ ક્રિએટ કરવા જણાવી તે એપ ડાઉનલોડ કરવા www.jewelrybuy-helzberg.co લીંક મોકલી લીંકથી HELZBERG DIAMONDS,login પ્રોસેસ કરાવી રજીસ્ટ્રેશનની પ્રક્રિયા કરાવી તે એપમાં બાય અને ડીસ્પોઝનું ટ્રેન્ડીંગ કરતા શીખવાડવી તેમાં વધુ નફો આપવાની લાલચ આપી વિશ્વાસમાં લઈ ઉપરોકત અલગ–અલગ એકાઉન્ટોમાં કુલ રૂા.૨૩,૦૮,૪૧૦/– ઓનલાઈન જમા કરાવડાવી તેમાંથી એપમાંથી રૂા.૩૯,૫૮૭/– વિડ્રોલ કરી બાકી રૂા.૨૨,૬૮,૮૨૩/– વિડ્રોલ ન કરી પરત નહી કરી ઓનલાઈન નાણાંકીય છેતરપીંડી કરી ગુનો કરેલાનો આક્ષેપ છે.

(૬) બન્ને પક્ષકારો તરફેની રજુઆત, અરજદાર/આરોપી સામેનો આક્ષેપીત ગુનો ઘ્યાને લેતા, સદર કામે કાયદાકીય સ્થિતિ મુજબ કોઈપણ હકીકત જામીનપાત્ર ગુનાના કામે આરોપીને જામીન મુકત કરતી વખતે તે અન્વયે બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ ની જોગવાઈ મુજબ અદાલતને વિવેકબુધ્ધિની સતા આપવામાં આવેલ છે. પરંતુ આવી વિવેકબુધ્ધિની સતા મનસ્વી રીતે નહી વાપરતા કાયદાના

પ્રસ્થાપિત સિધ્ધાંતો અને મર્યાદામાં રહીને વાપરવી જોઈએ.

જામીન અરજીના નિર્ણય સંદર્ભે જોતા અદાલતને આપવામાં આવેલ વિવેકબુધ્ધિની સતા વાપરવા માટે નામ.વડી અદાલતના ચુકાદા ધ્યાને લેવા જરૂરી છે. નામ.સુપ્રીમ કોર્ટે સંજય ચંદ્રા વિરુધ્ધ સી.બી.આઈ. ૨૦૧૨(૧) જીએલએચ પાના નં.૯૩ ઉપરના ચુકાદાનું અવલોકન આજ રીતે કેટલીક હકીકતો સ્પષ્ટ બને છે.

- જામીન અરજીનો મુખ્ય આશય ટ્રાયલ દરમ્યાન આરોપીની હાજરી સીકયોર કરવાનો છે.
- જામીન એ નિયમ છે, જેલ એ અપવાદ છે તે સંજોગોમાં જોતા અપવાદરૂપ સંજોગો ઉભા થયેલ હોય તો સામાન્યરીતે આરોપીને જામીન મુકત કરવા જોઈએ.
- બંધારણે બક્ષેલ સ્વતંત્રનાતા અધિકાર બાબતે પણ જામીન અરજીનો નિર્ણય કરતી વખતે ધ્યાને રાખવી પડતી પ્રક્રિયા સીવાય કે કાયદા મુજબ જેલમાં રાખવાનું આવશ્યક જણાય તે સીવાય જામીન મુકત કરવા માટે હેતુ જણાય છે કે કેમ તથા ફરીયાદી, સાહેદો કે સોસાયટીની હકીકતો બન્ને વચ્ચે બેલેન્સ જળવાઈ રહે તે રીતે જામીન અરજીનો નિર્ણય કરવાનો રહે છે.
- સામાન્ય રીતે જયારે આરોપીને ગુનેગાર ઠરાવવામાં ન આવે ત્યાં સુધી નિર્દોષ હોવાનું અનુમાન થતું હોય તથા આરોપીને ગુનેગાર ઠરાવ્યા પછી જે સંજોગો થાય તે જણાતા

હોય અને ગુનેગાર ઠરાવ્યા પહેલા જ સજા થઈ જાય તે વાજબી ન હોવાની બાબત પણ ધ્યાને લઈ જામીન અરજીનો નિર્ણય કરવાનો રહે છે.

(૭) ઉપરોકત તમામ બાબતો ધ્યાને લઈ અરજદાર/આરોપીને હાલના તબકકે કસ્ટડીમાં રાખવા જરૂરી છે કે કેમ કે તેમને જામીન ઉપર મુકત કરી શકાય કે કેમ? તે બાબત નિર્ણિત કરવા માટે સદર કામે આરોપી સામેનો આક્ષેપીત ગુનો જોતા નીચે મુજબની કેટલીક બાબતો સ્પષ્ટ બને છે.

હાલના કામે સૌપ્રથમ મહત્વની બાબત જોવામાં આવે તો આરોપી સામેના આક્ષેપીત ગુના મુજબ કોઈ અજાણી વોટસએપ નંબર ૮૯૭૪૪૩૩૭૪૦ વાળા ધારક સ્વર્ણા રાજેશ નામની મહીલાએ હેલ્ઝબર્ગ ડાયમંડસ નામની એપ્લીકેશનથી Helzberg Diamonds the most Powerful portfolio in the diamond industry hsd 210 stores in 36 US states. And online jewellery retailers for worldwide કામ કરીએ છીએ તેમ જણાવી ઘર બેઠા પૈસા કમાવવાની લાલચ આપી ડાયમંડ ઝવેલરીની ટેન્ડરમાં સેલીંગ કરવા અને તે એપ્લીકેશનમાં પૈસા પ્રોફીડ અપાવવાની લાલચ આપી વર્કીંગ એકાઉન્ટ ક્રિએટ કરવા જણાવી તે એપ ડાઉનલોડ કરવા www.jewelrybuy-helzberg.co લીંક મોકલી લીંકથી HELZBERG DIAMONDS,login પ્રોસેસ કરાવી રજીસ્ટ્રેશનની પ્રક્રિયા કરાવી તે એપમાં બાય અને ડીસ્પોઝનું ટ્રેન્ડીંગ કરતા શીખવાડવી તેમાં વધુ નફો આપવાની લાલચ આપી

વિશ્વાસમાં લઈ ઉપરોકત અલગ–અલગ એકાઉન્ટોમાં કુલ રૂા.૨૩,૦૮,૪૧૦/– ઓનલાઈન જમા કરાવડાવી તેમાંથી એપમાંથી રૂા.૩૯,૫૮૭/– વિડ્રોલ કરી બાકી રૂા.૨૨,૬૮,૮૨૩/– વિડ્રોલ ન કરી પરત નહી કરી ઓનલાઈન નાણાંકીય છેતરપીંડી કરી ગુનો કરેલાનો આક્ષેપ છે. અરજદાર તરફે વિ.વ.શ્રીની રજુઆત મુજબ આરોપી અરવિંદ ડાભી અને અમીર ઈકબાલ સૈયદને અગાઉ ક્રો.પ.અ.નં.૪૨૮/૨૫ થી વિ.ટ્રાયલ કોર્ટે જામીન મુકત કરેલ છે. તેમજ સદર ગુનાના અન્ય આરોપીઓ ગોપાલ જેસીંગભાઈ ઉર્ફે જેસાભાઈ આલગોતર (ભરવાડ)ને ક્રો.પ.અ.નં.૧૫૭/૨૬ થી તથા મિલન અનુભાઈ રાઠોડને ક્રો.પ.અ. નં.૧૫૯/૨૬ થી જામીન મુકત કરેલ હોઈ, હાલના અરજદારને પેરીટીનો લાભ આપવા રજુઆત કરેલ છે. સદર હકીકત ધ્યાને રાખી ફરીયાદ જોતા, અત્રેની અદાલત દવારા જામીન મુકત આરોપીઓ અને હાલના અરજદારનો રોલ ગુનાના કામે એકસરખો હોવાનું જણાતું હોય, હાલના અરજદારને નામ.ગુજરાત હાઈકોર્ટના ***રમેશભાઈ બટુભાઈ ડાભી વિ. સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૧૧ (૩) જી.એલ.આર. ૧૯૯૯*** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ પેરીટીનો લાભ મળવા પાત્ર છે તેવું અત્રેની અદાલતનું માનવું છે.  વધુમાં તપાસ કરનાર અમલદારનું એફીડેવીટ ધ્યાને લેતા, અરજદારનો ગુનાહિત ઈતિહાસ નથી. જેથી, સદર કામે ફરીયાદની હકીકત મુજબ જે સંજોગોમાં ગુનો બનેલ છે તે હકીકત તેમજ પોલીસ તપાસના પેપર્સ સમગ્રપણે લક્ષમાં લેતા, આરોપી સામેનો આક્ષેપીત ગુનો, સજાની જોગવાઈ, ટ્રાયલ દરમ્યાન આરોપીની હાજરી મળી આવવાની સંભાવના, આરોપીને જામીન મુકત કરવાથી ફરીયાદપક્ષના કેસને થનાર સંભવિત અસર વિગેરે પરિબળો લક્ષમાં લેતા,

નામ.સર્વોચ્ચ અદાલતે તથા નામ.ગુજરાત હાઈકોર્ટે તેમના વિવિધ ચુકાદામાં જામીન સંબંધિત પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો મુજબ અરજદાર/આરોપીને શરતોને આધીન જામીન મુકત કરવામાં આવે તો તે યોગ્ય અને ન્યાયોચિત જણાતું હોઈ, જામીન અરજી લગત ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## -: આખરી હુકમ :-

અરજદાર/આરોપીની હાલની અરજી મંજૂર કરવામાં આવે છે. અરજદાર/આરોપી અકરમ મુસ્તફા મહેતર, રહે. બાબરા, મેઈન બજાર, અનંતા જ્વેલર્સની સામે, તા.બાબરા, જી.અમરેલી નાઓએ ગાંધીધામ ''બી'' ડીવી. પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૯૯૩૦૦૭૨૫૦૦૩૪/૨૦૨૫ ના કામે બી.એન.એસ.ની કલમ-૩૧૬(૨),૩૧૮(૪) તથા આઈ.ટી.એકટની કલમ-૬૬(સી),૬૬(ડી) મુજબના ગુનાના કામે રૂા.૨૦,૦૦૦/- (અંકે રૂપિયા વીસ હજાર પુરા) ના સધ્ધર જામીન સહિતના જાતમુચરકા સબંધીત ટ્રાયલ અદાલતમાં આપ્યેથી અરજદાર/આરોપીને નીચેની શરતોએ જામીન મુકત કરવામાં આવે છે.

**શરતો:-**

(૧) અરજદાર/આરોપીએ ટ્રાયલ દરમ્યાન નિયમીત પણે અદાલત સમક્ષ હાજર રહેવું.

(૨) અરજદાર/આરોપીએ ફરીયાદપક્ષના સાહેદોને ધાકધમકી આપવા પ્રયત્ન કરવો/કરાવવો નહી.

(૩) અરજદાર/આરોપીએ અન્ય કોઈપણ ગુનાહિત કૃત્યમાં સંડોવણી થાય તેવું કૃત્ય કરવું/કરાવવું નહી.

(૪) અરજદાર/આરોપીએ તેનું કાયમી તથા હંગામી સરનામું પુરાવા સાથે ટ્રાયલ અદાલત સમક્ષ રજૂ કરવું તથા તેમાં ફેરફાર થયેથી તપાસ કરનાર અમલદાર તથા ટ્રાયલ અદાલતને તેની જાણ દિન–૭ માં કરવી.

(૫) અરજદાર/આરોપીએ ટ્રાયલ અદાલતની પૂર્વ પરવાનગી વગર ગુજરાત રાજયની હદ છોડવી નહી.

(૬) અરજદાર/આરોપી જો પાસપોર્ટ ધરાવતા હોય તો દિન–૭ માં ટ્રાયલ અદાલતમાં જમા કરાવવો અને જો અરજદાર પાસપોર્ટ ધરાવતા ન હોય તો તેવી હકીકત સોગંદનામાંથી જાહેર કરવી.

સદર હુકમની યાદી સંબંધિત ટ્રાયલ અદાલતને તથા સબંધીત પોલીસ સ્ટેશનને લેખિતમાં મોકલવી.

ચુકાદો આજ રોજ તા.૧૩મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ગાંધીધામ મુકામે ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

ગાંધીધામ–કચ્છ.
તા.૧૩–૦૩–૨૦૨૬

(એ.એમ. મેમન)
ચોથા એડીશનલ સેશન્સ જજ
ગાંધીધામ–કચ્છ.
(જજ કોડ નં.જીજ૦૦૬૭૪)